BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad



# સ્વરૂપાનુસંધાન: એક અધ્યયન

ડૉ. સ્વાતિ શાહ.

Abstract:

'સ્વરૂપાનુસંધાન' એ ભાવનગર રાજ્યના દીવાન ગૌરીશંકર ઉદયશંકર ઓઝા રચિત તત્ત્વજ્ઞાનનો ગ્રંથ છે, જે મુમુક્ષુને સ્વ-સ્વરૂપનો પરિચય પ્રાપ્ત કરી બ્રહ્મ સાથેના અનુસંધાન માટે સહાયરૂપ થવા રચાયો છે. તેની રચના સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં કરવામાં આવી છે. અહીં, મુખ્યત્વે ઉપનિષદો અને શ્રીમદ્ભગવદ્ગીતાનો આધાર લઈ, જીવ અને બ્રહ્મના ઐક્યને સ્થાપિત કરવામાં આવ્યું છે. સ્વરૂપાનુસંધાન એ અદ્વૈત વેદાંતનો સંસ્કૃત-ગુજરાતી ભાષામાં રચાયેલો અને દેવનાગરી લિપિમાં લખાયેલો એક અદ્વિતીય ગ્રંથ છે, બલ્કે ગુજરાતી ભાષાના તત્ત્વચિંતનાન્વેશી અભ્યાસુઓને પ્રારંભ માટે શ્રેષ્ઠ બની શકે તેવો ગ્રંથ છે.

Keywords: સ્વરૂપાનુસંધાન, ગૌરીશંકર ઓઝા, તત્ત્વજ્ઞાન, ભારતીય તત્ત્વચિંતન, Indian Philosophy, Gaurishankar Oza, Gaurī-Śaṅkar Uday-Śaṅkar

ગૌરીશંકર ઓઝા ને ગગા ઓઝા[1] તરીકે ઓળખવામાં આવે છે, તેઓ ભાવનગર રાજ્યના મુખ્ય દીવાન હતા[2]. 'સ્વરૂપાનુસંધાન' એ ગૌરીશંકર ઉદયશંકર ઓઝા- ગગા ઓઝા રચિત -ગ્રંથ છે.

શ્રી ગગા ઓઝા એ મુમુક્ષુઓના ઉપયોગ માટે અને પોતાના મનનાર્થે 'સ્વરૂપાનુસંધાન' નામનો 365 જેટલાં પૃષ્ઠ ધરાવતો શાસ્ત્ર વિષયક ગ્રંથ ઇ.સ.1884: સંવત 1940માં પ્રસિદ્ધ કરાવ્યો હતો[3]. 'સ્વરૂપાનુસંધાન'ના અર્પણમાં જ શ્રી ઓઝા નોંધે છે કે, 'આ લઘુગ્રંથ નિર્ગુણ તથા સગુણ વૃત્તિની ઉપાસનામાં પ્રવૃત્તિ થવા સારુ તથા બ્રહ્મ-આત્માના એક્ત્વ વિશે યથાર્થ જ્ઞાન થવા સારુ સર્વ મુમુક્ષુ અધિકારીઓને પરમપ્રીતિથી આ ગ્રંથ ગ્રંથકર્તાએ અર્પણ કર્યો છે.'[4]

આમ, કર્તા અનુસાર આ ત્તત્વજ્ઞાનનો ગ્રંથ છે. પ્રસ્તાવનાના પ્રારંભમાં જ શ્રી ઝવેરીલાલ યાજ્ઞિક કહે છે કે 'સ્વરૂપ એટલે પોતાનું ખરું રૂપ અને અનુસંધાન એટલે સ્મરણ, ધ્યાન. 'સ્વરૂપાનુસંધાન' એટલે પોતાનું ખરું રૂપ શું છે તેનું માણસને સ્મરણ કરાવનાર ગ્રંથ.'[5]

'હું કોણ?', 'આ સૃષ્ટિનો રચયિતા કોણ?' 'અંતિમ ગતિ શું?' જેવા પ્રશ્ન માનવના અસ્તિત્વ જેટલા જ પ્રાચીન છે. ઋગ્વેદના હિરણ્યગર્ભ સૂકતમાં, 'कस्मै देवाय हविषा विधेम|' એ પ્રશ્ન છે, તો નાસદીય સૂકતમાં અસ્તિત્વના આરંભ વિષયક મૂંઝવણ છે. શ્વેતાશ્વતર ઉપનિષદ તો સ્પષ્ટ પ્રશ્ન કરે છે કે,

'किं कारणं ब्रह्म कुत: स्म जाता
जीवाम केन क्व च संप्रतिष्ठा|
अधिष्ठिता केन सूखेतरेषु
वर्तामहे ब्रह्मविदो व्यवस्थाम्||'

અને માનવનો એક અન્ય પ્રશ્ન છે કે આ બધાંનો સંચાલક કોણ છે? કેન ઉપનિષદ પૂછે છે કે,

'केनेषितं पतति प्रेषितं मन:
केन प्राण: प्रथमाप्रैति युक्त:|
केनेषितां वाचमिमां वदन्ति
चक्षु: श्रोत्रं क उ देवो युनक्ति|| (1-1)

અને ઋગ્વેદ તેને सहस्रशीर्षा पुरुष: ... ગણાવે છે.

'સ્વરૂપાનુસંધાન' ગ્રંથ આત્મા, બ્રહ્મ અને તે બન્નેના ઐક્યથી મોક્ષપ્રાપ્તિને દર્શાવતો એક સુંદર ગ્રંથ છે. ગૌરીશંકર ઓઝાએ સંસ્કૃત શ્લોકો અને દેવનગરી લિપિમાં ગુજરાતી ભાષામાં શ્લોકોના અર્થો અને વિશદ સમજૂતી આપીને આ ગ્રંથ દ્વારા ગુજરાતી ભાષા જ જાણનારા અથવા સંસ્કૃત ભાષા ન જાણનારા ગુજરાતીઓની ઉત્તમ સેવા કરી છે, એવા કૌશિકરામ મહેતાના મત સાથે હું સહમત થાઉં છું.[6]

આ ગ્રંથ સાત પ્રકરણોમાં વિભાજિત થયો છે. દરેક પ્રકરણનું 'પ્રક્રિયા' એવું નામકરણ કરવામાં આવ્યું છે. પ્રત્યેક પ્રક્રિયાનો પ્રારંભ મુખ્યતયા મંગલાચરણથી કરવામાં આવ્યો છે અને અંતે 'इति श्रीमदुदयशंकरात्मज गौरीशंकर विरचिते स्वरूपानुसंधाने.... प्रक्रिया समाप्ता|' એમ નોંધે છે. અંતિમ સપ્તમ પ્રક્રિયાના અંત પૂર્વે તેઓ મંગલાચરણ પણ કરે છે. સંસ્કૃત ગ્રંથો મુખ્યત્વે મંગલાચરણથી જ પ્રારંભ પામે છે. 'आशीर्नमस्क्रियावस्तुनिर्देशो वापि तन्मुखम्' એ નિયમ મહદ અંશે દરેક ગ્રંથના પ્રારંભમાં ધ્યાનમાં લેવાયો છે.

'સ્વરૂપાનુસંધાન' ગ્રંથના પ્રારંભે મંગલાચરણમાં શ્રી ગૌરીશંકર ઓઝા, 'બ્રહ્મ -આત્માના અભેદનું સ્મરણ કરૂં છું'[7], કહીને નમસ્કાર કરે છે અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં વિષય-પ્રવેશ પણ કરી અને કરાવી દે છે. મંગલાચરણના જ દ્વિતીય શ્લોક 'नेति नेति' જેવા નિષેધરૂપ વચનો વડે 'સર્વ વેદો તેને જાણે છે', એમ કહીને વૃત્તિમાં સ્પષ્ટતા કરે છે કે પંચભૂત અને સ્થૂળ-સૂક્ષ્મદેહ એ આત્મ-તત્ત્વ નથી, પરંતુ 'તે સર્વના નિષેધનું અધિષ્ઠાનભૂત જે સત્- ચિત્-આનંદ સ્વરૂપ, એ જ આત્મતત્ત્વ છે.'[8]

તૃતીય શ્લોક માં રજ્જુ-ભુજંગની જેમ પ્રતિભાસિત થતા બ્રહ્મસ્વરૂપને નમસ્કાર કરે છે અને ત્યારબાદ શંકર સમાન શંકરાચાર્ય અને કેશવ સમાન બાદરાયણને તથા સૂત્રભાષ્યકારોને પ્રણામ કરીને પોતે પોતાના ગ્રંથમાં જેમને આધાર તરીકે સ્વીકાર્યા છે તેમના પ્રત્યે આદર વ્યક્ત કરે છે. ત્યાર બાદ સદ્ગુરુને પ્રણામ કરે છે.

પ્રથમ પ્રક્રિયામાં 'અધ્યારોપવાદ ન્યાયે કરીને ઈશ્વર-જીવાદિક'[9]નો વિચાર કરવામાં આવ્યો છે. આ વિચારના સંદર્ભમાં તેઓ સાધન-ચતુષ્ટયની વિચારણા કરે છે. 'अस्ति, भाति, प्रियं, रूपं, नाम' કહી, તેમાંના પ્રથમ ત્રણ સત્, ચિદ્, આનંદ એ બ્રહ્મસ્વરૂપજ અંશો છે અને અન્ય બે; રૂપ અને નામ એ જગત-રૂપ છે, તેમ તેઓ દર્શાવે છે. (પૃ. 13)

પંચકોશો અને આત્માના સ્વરૂપની વિચારણા પણ તેઓ ઊંડાણપૂર્વક કરે છે અને તે પંચકોશ પોતે ક્યારેય આત્મા બની શકે જ નહીં, આનંદમય કોશ પણ આત્મા બની શકે નહીં એમ તે અત્યંત તર્કપૂર્ણ રીતે સિદ્ધ કરે છે. ( પૃ. 16, 17, 18)

વશિષ્ઠ મુનિ દ્વારા કહેવાયેલી ચાર ભૂમિકાઓનો તે પ્રથમ પ્રક્રિયાના નિષ્કર્ષ રૂપે ઉલ્લેખ કરે છે. આ ચાર ભૂમિકાઓ - શુભેચ્છાખ્ય, વિચારણાખ્ય, તનુમાનસાખ્ય અને સત્ત્વાપત્ત્યાખ્ય છે[10].

દ્વિતીય અને તૃતીય પ્રક્રિયાના આરંભમાં મંગલાચરણ કરવામાં આવ્યું નથી. આ પ્રક્રિયામાં 'त्वम्' પદાર્થનું શોધન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અહીં તેઓ દૃશ્ય-દૃષ્ટા અને અધ્યસ્ત-અધિષ્ઠાનના વિવેકની ચર્ચા અનુક્રમે મન અને આંતરિક સાક્ષી તથા રજ્જુ અને સર્પનું ઉદાહરણ આપીને કરે છે.

કાર્ય-કારણવિવેકની ચર્ચા તેઓ, 'एकेनविज्ञानेन सर्वमिदं विज्ञातं भवति|' અને 'ब्रह्मैवेदं सर्वम्|' ઇત્યાદિ શ્રુતિનું પ્રમાણ આપીને કરે છે. તેઓ સિદ્ધ કરે છે કે જેમ કાર્યરૂપ ઘટશરાવાદિક મૃત્તિકારૂપ કારણથી અભિન્ન છે, '... वाचारंभणं...' શ્રુતિ પણ એમ જ કહે છે; તેમ જ નામરૂપાત્મક કાર્યરૂપ સર્વ પ્રપંચ પણ સત્, ચિદ્, આનંદ કારણરૂપ ઈશ્વરથી અભિન્ન છે.

ઉપનિષદોનાં મહાવાક્યોના આધારે (ચતુર્વેદ આધારિત ચાર ઉપનિષદ-મહાવાક્યોના આધારે) જીવ પરોક્ષ મટીને અપરોક્ષ થયો અને કૂટસ્થ જીવ કૂટસ્થ ઈશ્વરમાં એક્ત્વ પામ્યો એટલે તેનું પરિચ્છિન્નત્વ અપરિચ્છિન્નત્વમાં પરિવર્તિત થયું તેવી અવધારણા રજૂ કરી તેને તર્કબદ્ધ રીતે, સિદ્ધ કરે છે. આત્માને સ્વસ્વરૂપનું ભાન થતાં નિરંતર શ્રદ્ધાપૂર્વક આત્મા અને પરમાત્માના એક્ત્વનો દૃઢબોધ પ્રાપ્ત થાય છે અને તે દ્વારા જીવનમુક્તિ સિદ્ધ થાય છે તેમ દ્વિતીય પ્રક્રિયામાં દર્શાવવામાં આવ્યું છે.

તૃતીય પ્રક્રિયામાં કર્મની ચર્ચા કરવામાં આવી છે. કર્મ અને અકર્મના લક્ષણોનો ત્યાં નિર્દેશ કરવામાં આવ્યો છે,

'कर्मण्यकर्म य: पश्येदकर्मणि च कर्म य:|

स बुद्धिमान्मनुष्येषु स युक्त: कृत्स्नकर्मकृत्|| (પૃ. 55)

તેમના મતે કર્મનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ સાવયવમાં હોય છે, નિરવયવમાં નહીં. પોતાની વાતના સંદર્ભમાં તેઓ શ્રીમદ્ ભગવદ્ ગીતા અને મુંડકોપનિષદમાંથી ઉદાહરણો આપે છે. જેમકે, 'यस्य नाहंकृतो भावो...' (ગીતા) '...द्वा सुपर्णा..' (મુંડક) અને અંતે સિદ્ધ કરે છે કે શરીરનાં કર્મોથી ન લેપાતો આનંદાત્મક સ્વરૂપ 'હું' બ્રહ્મસ્વરૂપનું અવધારણ કરી શકે છે. (પૃ. 62)

આ પ્રક્રિયામાં તેઓ ષડ્-રિપુથી ન લેપાતા આનંદત્માની અને સમાધિની ચર્ચા કરે છે અને કહે છે કે, અનાયાસ સમાધિસિદ્ધ વ્યક્તિની હ્રદયગ્રંથિઓ ભેદાય છે અને તે જીવનમુક્ત બને છે, ત્યાં આત્મસુખનું સંપાદન થાય છે.

ચતુર્થ પ્રક્રિયામાં માંડૂક્ય ઉપનિષદ પરની ગૌડપાદાચાર્યની કારિકાઓને આધાર તરીકે સ્વીકારીને ૐકારનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ૐકારને સગુણ બ્રહ્મના પ્રતીક અને નિર્ગુણ બ્રહ્મના દ્વાર તરીકે ઉલ્લેખવામાં આવ્યું છે[12].

ગૌડપાદકારિકાઓના આધારે ૐકારની ચાર માત્રાઓ અને જાગ્રતાદિ ચાર અવસ્થાઓ વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે . આમ, આ પ્રક્રિયામાં ૐકાર અને આત્મા-પરમાત્માની ચર્ચા કરી અંતમાં નોંધે છે કે '..... બીજા ઘણાએક શિષ્યોને પણ પરમ પુરુષાર્થને વિશે પરિસમાપ્તિનો સંભવ છે, વાસ્તે પુરુષાર્થની કામનાવાળા પુરુષોએ આચાર્યની પરિચર્યા કાય, મન અને વાણીએ કરીને અવશ્ય કરવી જોઈએ.'[13]

પંચમ પ્રક્રિયાનું નામકરણ જ તેમણે 'શ્રુતિપ્રસ્થાન' કર્યું છે. આ પ્રક્રિયાના પ્રારંભમાં શ્રી ઓઝા નોંધે છે કે, 'વેદાંત પ્રસ્થાનત્રય: તેમાં 1. શ્રુતિપ્રસ્થાનના 12 બાર ભાષ્ય, 2. સૂત્રપ્રસ્થાનનું એક ભાષ્ય અને 3. સ્મૃતિપ્રસ્થાનના 3 ભાષ્ય એ રીતે ભગવદ્પાદ શ્રી શંકરાચાર્યે પ્રસ્થાનત્રય પર ષોડશ ભાષ્ય કર્યાં છે.' (પૃ. 124)

અહીં, બાર ઉપનિષદ-શાંકરભાષ્યમાં તેઓ ઈશાદિ- દશ ઉપનિષદો અને અગિયારમું કેન ઉપનિષદ પરનું વાક્યભાષ્ય તથા બારમું ઉત્તરનૃસિંહતાપિની ઉપનિષદનું ભાષ્ય સ્વીકારે છે. આ પ્રક્રિયામાં ઉપર્યુક્ત બાર ઉપનિષદ અને તેમનાં ભાષ્યો પર ચર્ચા કરવામાં આવી છે. માંડૂક્યોપનિષદ સિવાય દરેક ઉપનિષદની ચર્ચા પૂર્વે મંગલાચરણ કરવામાં આવ્યું છે.

ઈશોપનિષદના સંદર્ભમાં તેઓ નોંધે છે કે, '...માટે ઈશાવાસ્યાદિક મંત્રો આત્માના યથાર્થ સ્વરૂપના પ્રકાશે કરીને તેને વિશે સ્વાભાવિક કર્મોપાસનાનું નિવર્તન કરતા છતાં, શોકમોહાદિ સંસારધર્મોના વિચ્છેદનમાં સાધનભૂત એવાં જીવ-બ્રહ્મની એકતાના વિજ્ઞાનને ઉત્પાદન કરે છે.' (પૃ. 126) ઈશાવાસ્યના પ્રથમ મંત્રને લઈને તેના પર શ્લોક અને વૃત્તિ બને દ્વારા જીવ-બ્રહ્મના ઐક્ત્વને પ્રતિપાદિત કરવાનો પ્રયત્ન કરે છે.

ઈશાવાસ્ય બાદ કેન ઉપનિષદના મંગલાચરણ શ્લોકમાં કહે છે કે, 'તે જ બ્રહ્મથી અભિન્ન સત્ત્વ હું છું.'

यच्छोत्रादेरधिष्ठानं चक्षुवागाद्यगोचरम्|
स्वतोध्यक्षं परब्रह्म नित्यमुक्तं भवामि तत्||[14]

ઉપનિષદપ્રસ્થાન-વિચારણામાં એક ઉપનિષદના વિચારોની વિશદ ચર્ચા અને સ્પષ્ટતા માટે અન્ય ઉપનિષદમાંથી પણ પ્રમાણો ટાંકે છે. જેમકે, કેન ઉપનિષદની ચર્ચામાં મુંડક શ્રુતિનું ઉદાહરણ આપે છે (પૃ. 135) ઉપનિષદોની ચર્ચામાં તે બહુ સ્પષ્ટ વિધાન કરે છે કે, '... પ્રશ્નોત્તર રૂપતાથી બ્રહ્મવસ્તુને વિશે કેવળ તર્ક કરીને અગમ્યપણુ સૂચન કર્યું.' (પૃ. 137) આપણને તરત જ 'गुरोस्तुमौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशया:' યાદ આવી જાય છે. મુંડક ઉપનિષદની ચર્ચામાં તેઓ, 'સર્વ આશ્રમીઓને જ્ઞાનનો અધિકાર છે એ વાત સ્વીકારીને કહે છે કે, 'છતાં પણ જે સન્યાસનિષ્ટ બ્રહ્મવિદ્યા છે તે જ મોક્ષનું સાધન છે.' (संन्यासयोगात् - ઉપનિષદવાક્ય) કર્મ સહિત નહીં.'[15] એમ તેઓ પોતાના વિચારને પ્રમાણ સહિત પ્રદર્શિત કરે છે.

તેઓ કઠ, માંડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાન્દોગ્ય અને બૃહદારણ્યક ઉપનિષદના સંદર્ભે જીવ-બ્રહ્મૈકયની વિશદ ચર્ચા કરે છે. કેન ઉપનિષદના વાક્યભાષ્યનો સમાવેશ તેઓ કેન ઉપનિષદના પદભાષ્ય અંતર્ગત અને ઉત્તરનૃસિંહતાપિની ઉપનિષદનો સમાવેશ માંડૂક્ય ઉપનિષદ અંતર્ગત કરે છે.

ષષ્ટ પ્રક્રિયાનું નામ 'સૂત્રપ્રસ્થાન' આપવામાં આવ્યું છે. આ પ્રક્રિયાના પ્રારંભમાં મંગલાંચરણ કરવામાં આવ્યું નથી, પરંતુ વ્યાસકૃત સૂત્રભાષ્યમાં નિર્ણાયક ષડ્વિધ લિંગનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

उपक्रमोपसंहारावभ्यासो-पूर्वतां फलम्|
अर्थवादोपपत्ती च लिंगं तात्पर्यनिर्णय:||

દ્વૈત મતનું ખંડન કરી અદ્વૈત મતના પ્રતિપાદનની અહીં સ્પષ્ટતા કરવામાં આવી છે. સંપૂર્ણ ચતુ:સૂત્રી અને તેના સમર્થનમાં ઉપનિષદ-વાક્યોનું પ્રમાણ આપી બ્રહ્મૈકત્વ-અદ્વૈત સિદ્ધિ દર્શાવવામાં આવી છે.

આમ તો, શંકરાચાર્યના પ્રતિવાદીના મતને સ્થાપી તેનું ખંડન કરવાની શૈલીનો પ્રયોગ તેમણે અનેક જગ્યાએ કર્યો છે, પરંતુ આ સમગ્ર પ્રક્રિયામાં તેઓ પ્રતિવાદીની શંકા અને વાદીના સમધાનથી જ આગળ વધારે છે અને જીવ-બ્રહ્મૈક્યને સ્થાપિત કરે છે. 'ईक्षतेर्नाशब्दम्।' વગેરે સૂત્ર દ્વારા સાંખ્યમતનો વિરોધ કરે છે. તો 'अनावृत्तिः शब्दात् अनावृत्तिः शब्दात्।' જેવા સૂત્રની મૂળભૂત શ્રુતિ - 'न स पुनरावर्तते न स पुनरावर्तते।' પણ આપે છે. (પૃ. 297)

સપ્તમ પ્રક્રિયા સ્મૃતિપ્રસ્થાન છે. જેમાં ત્રણ ભાષ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. (1) શ્રીમદ્ ભગવદ્ ગીતા (2) શ્રી વિષ્ણુસહસ્ર નામ (3) શ્રી સનત્સુજાતીય.

શ્રી ગૌરીશંકર ઓઝા મતે 'ગીતાના ત્રણ ષટકો છે; તેમાં પ્રથમ ષટકમાં અંતઃ કરણની શુદ્ધિને અર્થે યજ્ઞ, દાન, તપ, વિગેરે નિષ્કામ કર્મો પ્રતિપાદન કર્યાં છે અને બીજા ષટકમાં ચિત્તની એકાગ્રતાને અર્થે ભગવદ્-ભક્તિ રૂપ અંતરંગ અને બહિરંગ ઉપાસના પ્રતિપાદન કરી છે; તથા ત્રીજા ષટકમાં આત્મજ્ઞાનનું પ્રતિપાદન કર્યું છે.[16]

તેઓ માને છે કે ગીતામાં કર્મનિષ્ઠા અને જ્ઞાનનિષ્ઠાનું નિરૂપણ છે.[17] વળી, બ્રહ્મવિદ્યાના ઉપદેશથી જ ગીતાની સમાપ્તિ થાય છે, એમ તેઓ માને છે. ગીતાપ્રસ્થાનના અંતે તેઓ મંગલાચરણ શ્લોક આપે છે.

વિષ્ણુસહસ્રનામ-ભાષ્યના પ્રારંભે શ્રી કૃષ્ણને બ્રહ્મ સ્વરૂપે સ્વીકારી પ્રણામ કરે છે. ત્યારબાદ ભીષ્મ અને યુધિષ્ઠિરનો સંવાદ આવે છે. જેમાં યુધિષ્ઠિરના પ્રશ્નના જવાબમાં ભીષ્મ નારાયણના સ્વરૂપનું વર્ણન કરે છે.

ગૌરીશંકર ઓઝા જરૂર પડે ત્યાં શબ્દની વ્યુત્પત્તિ પણ આપે છે. જેમકે 'ભાવ' શબ્દની વ્યુત્પત્તિ આપતાં તે નોંધે છે કે, भवतीति भावः। એટલે પ્રપંચરૂપે કરીને હોય તે બ્રહ્મભાવ કહેવાય છે. અથવા કેવળરૂપે જે હોય તે બ્રહ્મભાવ કહેવાય છે. અથવા भवनं भावः। એટલે કેવળ સત્તારૂપે જે હોય તે બ્રહ્મભાવ કહેવાય.'[18]

સનત્સુજાતીય ભાષ્ય અનુસાર વિચારના પ્રારંભમાં શોકમોહયુક્ત ધૃતરાષ્ટ્ર વિદુર દ્વારા સનત્સુજાતીય પાસેથી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ પ્રાપ્ત કરે છે. અહીં, મૃત્યુ સત્ છે કે અસત્ તેની વિચારણા કરવામાં આવે છે અને મૃત્યુના વિનાશનો, 'જે પુરુષ સર્વ અનર્થોનું બીજભૂત પ્રમાદરૂપ મૃત્યુને જાણીને વૈરાગ્યાદિ સાધનસંપત્તિથી સચ્ચિદાનંદાદ્વિતીય બ્રહ્માત્મસ્વરૂપ સ્થિતિનું સંપાદન કરે તે પુરુષ મૃત્યુથી ભય પામતો નથી, અર્થાત મૃત્યુનો નાશ કરે એવો માર્ગ દર્શાવ્યો છે.'(પૃ. 340)

આ ભાષ્યમાં ત્રણ અધ્યાયો છે. જેમાં અંતે આત્મજ્ઞાનીને સર્વ જગત બ્રહ્મરૂપ જ જણાય છે તે સ્પષ્ટતા કરવામાં આવી છે. ત્યારબાદ ઉપદેશસાહસ્ત્રીનાં વાક્યો મૂકવામાં આવ્યાં છે.

આ પ્રક્રિયા અને ગ્રંથના અંતે નારાયણથી પ્રારંભ પામેલી અને પોતાના સુધી વિસ્તરેલી અદ્વૈત પરંપરાને દર્શાવી પોતાના પૂર્વે થઈ ગયેલા પુણ્યપાદ આચાર્યોને તેઓ પ્રણામ કરે છે.

આમ, સ્વરૂપાનુસંધાન નામના સમગ્ર ગ્રંથ દ્વારા શ્રી ગૌરીશંકર ઓઝા આત્મા અને બ્રહ્મના ઐક્યનું પ્રતિપાદન કરવાનો પ્રયત્ન, શ્રુતિ, સ્મૃતિ અને ભાષ્યોના આધારે કરે છે. તેઓશ્રી, પોતે જ સ્વીકારે છે તે મુજબ શ્રીમદ્ શંકરાચાર્યની અદ્વૈત મત પરંપરાના પોતે આચાર્ય છે.[19] શ્રુતિ પ્રમાણનો ઉપયોગ કરતી વખતે તેઓ 'આ પ્રમાણે શ્રુતિ છે..' એવી નોંધ મોટાભાગે કરે છે. કેટલીક જગ્યાએ શ્રુતિવાક્ય કયા ઉપનિષદનું છે તે પણ નોંધે છે.[20] તેઓ ઉપનિષદ ઉપરાંત, મહાવાક્યરત્નાવલિ, વશિષ્ઠ, કૈવલ્યશ્રુતિ વગેરે ગ્રન્થમાંથી પણ પ્રમાણો આપે છે.[21]

આવશ્યકતા જણાય ત્યાં તેઓ વ્યાવહારિક દૃષ્ટાંતો પણ આપીને પોતાની વાતનું સમર્થન કરે છે કે સિદ્ધ કરે છે. જેમકે પ્રથમ પ્રક્રિયામાં સ્થૂળ અને સૂક્ષ્મ શરીરથી વિલક્ષણ એવા આત્માની ચર્ચા કરતી વખતે દૃષ્ટાંત આપે છે કે, 'જેમ જેની સત્તાથી લોહ દાહ કરે છે તે અગ્નિ છે, તેમ જેની સત્તાસ્ફૂર્તિથી લોક, રૂપ, રસાદિકનો અનુભવ કરે છે તે ચૈતન્ય આત્મા છે.' (પૃ. 11)

જરૂર જણાય ત્યાં શ્રુતિ પ્રસંગોને લાઘવપૂર્ણ રીતે દર્શાવે છે. બૃહદારણ્યક ઉપનિષદના છઠ્ઠા અધ્યાયમાં યાજ્ઞવલ્ક્યે જનકરાજાને કરેલ ઉપદેશ ટૂંકમાં દર્શાવે છે. (પૃ. 12)

આમ, સ્વરૂપાનુસંધાન એ અદ્વૈત વેદાંતનો સંસ્કૃત-ગુજરાતી ભાષમાં રચાયેલો અને દેવનાગરી લિપિમાં લખાયેલો એક અદ્વિતીય ગ્રંથ છે, બલ્કે ગુજરાતી ભાષાના તત્ત્વચિંતનાન્વેશી અભ્યાસુઓ માટે પ્રારંભ માટે શ્રેષ્ઠ બની શકે તેવો ગ્રંથ છે. અલબત્ત, આ ગ્રંથમાં આવેલા સંસ્કૃત શ્લોકોની ભાષા સહજ અને સરળ છે જ્યારે ઇ.સ.1884માં પ્રકાશિત થયેલા આ ગ્રંથની ગુજરાતી ભાષા પાંડિત્યપૂર્ણ, દીર્ઘવાક્યયુક્ત છે. ઉપનિષદ માટે તેઓ ગુજરાતી ભાષામાં પણ સ્ત્રીલિંગનો પ્રયોગ કરે છે.

પ્રો. મેકસેમયુલરે આ ગ્રંથને જે મહત્ત્વ આપ્યું છે તે તેમના જ શબ્દોમાં જોઈએ તો, 'આપે મારા ઉપર બહુ મૂલ્યવાળી મણિમાળા મોકલી હોત તો એ સુંદર ઉપહાર કહેવાત, પરંતુ તેથી કાંઈ મારી જાતને, મારા પારમાર્થિક આત્માને લાભ થાત નહીં, જે મહાર્હ વાક્યોની માળા આપે મારા ઉપર મોકલી છે તેથી, મારી જાતને, મારા આત્માને લાભ થયો છે, તેથી મણિમાળા અથવા મોતીના હાર કરતાં એ ઉપહાર: 'સ્વરૂપાનુસંધાન'ને હું બહુ સુંદર ગણું છું ………. જો હું તેને પાત્ર થાઉં , અર્થાત્ તેને વસ્તુતઃ સમજુ તો તે ઉપહાર મારો જ થઈ રહેશે.'[22] મોનિયર વિલિયમ્સ નોંધે છે કે ગગા ઓઝાએ સન્યાસ ગ્રહણ કરી 'સચ્ચિદાનંદ સરસ્વતી "નામ ધારણ કર્યું હતું.[23]

<u>સંદર્ભ સૂચિ :</u>


1. (a) વૈદ્ય વિજયરાય ક: સૌરાષ્ટ્રનો મંત્રીશ્વર પૃ.. 25

   (b) ત્રિપાઠી મનસુખરામ સૂર્યરામ: શ્રીમાન ગૌરીશંકર ઉદયશંકાર ઓઝા. પૃ.. 04

   (C) કોરાટ પી. જી : શ્રી ગૌરીશંકર ઉદયશંકાર ઓઝા: ગગા ઓઝા: નું ભાવનગર રાજ્યના ઘડતરમાં પ્રદાન.-શીર્ષક મહાનિબંધ .
2. ભવાનીશંકર નરસિંહરામ: શ્રીમાન ગૌરીશંકર ઉદયશંકાર ઓઝા. પૃ. 10.
3. કોરાટ પી. જી :શ્રી ગૌરીશંકર ઉદયશંકાર ઓઝા : ગગા ઓઝા: નું ભાવનગર રાજ્યના ઘડતરમાં પ્રદાન.-શીર્ષક મહાનિબંધ.પૃ. . 173
4. ઓઝા ગૌ. ઉ : સ્વરૂપાનુસંધાન - અર્પણ વિધિ પૃષ્ઠ
5. એજન: પ્રસ્તાવના પૃ. 1.
6. કોરાટ પી. જી : મહાનિબંધ : શાસ્ત્રી કરુણાશંકર ઇન્દ્ર.નું : મહેતા કૌશિકરામ વિ. કૃત શ્રી ગૌરીશંકર ઉદયશંકાર ઓઝા : દ્વારા ઉલ્લેખિત પૃ. 460 દ્વારા ઉલ્લેખિત પૃ. 176.
7. ઓઝા ગૌરીશંકર ઉદયશંકર: સ્વરૂપાનુસંધાન. પૃ. 1.
8. એજન: પૃ. 2.
9. એજન: પૃ. 5.
10. એજન: પૃ. 20, 21, 22.
11. એજન: પૃ. 35.
12. ૐકારછે તે સગુણ બ્રહ્મનો પ્રતીકરૂપ છે અને નિર્ગુણ બ્રહ્મનો દ્વારભૂત છે. એજન: પૃ. 88.
13. એજન: પૃ. 123
14.એજન: પૃ. 132.
15.એજન: પૃ. 159.
16. એજન: પૃ. 305.
17. તથા અઢારમા અધ્યાયમાં કર્મનિષ્ઠા અને જ્ઞાનનિષ્ઠાનો ઉપસંહાર કર્યો છે. એજન: પૃ. 307.
18. એજન: પૃ. 312.
19. એજન: પૃ. 365.
20. તેમાં મુંડક શ્રુતિ નું પ્રામાણ્ય- એજન: પૃ. 61.
21. એજન: પૃ. 311, 340, 20 etc
22. Muller, F. M.: My Indian Friends, (A Prime Minister), Longman, Greens and Co., London and Bombay, Reprinted from the fortnightly review, પૃ. 466-467. (tr. given according original text by Gaurishankar Oza)

23. 'It is from a recently-taken photograph of Mr. Gaurī-Śaṅkar Uday-Śaṅkar, C.S.I.—a well-known and distinguished Brāhman of Bhaunagar—who (with Mr. Percival) administered the State during the minority of the present enlightened Mahā-rāja. Like the Buddha of old, he has renounced the world—that is, he has become a Sannyāsī, and is chiefly engaged in meditation. He has consequently dropped the title C.S.I., and taken the religious title—Svāmī Śrī Saććidānanda-Sarasvatī.'- Moniar Williams: Duff missionary lectures on Buddhism. P. 74.

<u>સંદર્ભ ગ્રંથો:</u>


1. ઓઝા. ગૌરીશંકર ઉદયશંકર: સ્વરૂપાનુસંધાન, નિર્ણયસાગર પ્રેસ , મુંબઈ સંવત - 1940, ઇ.સ. 1884.
2. ત્રિપાઠી મનસુખરામ સૂર્યરામ: શ્રીમાન ગૌરીશંકર ઉદયશંકાર ઓઝા. ભાવનગર, 1939.
3. ભવાનીશંકર નરસિંહરામ: શ્રીમાન ગૌરીશંકર ઉદયશંકાર ઓઝા, અમદાવાદ, 1987
4. વૈદ્ય વિજયરાય ક.: સૌરાષ્ટ્રનો મંત્રીશ્વર, ભાવનગર, 1959
5. મહાનિબંધ : કોરાટ પી. જી :શ્રી ગૌરીશંકર ઉદયશંકાર ઓઝ: ગગા ઓઝા:નું ભાવનગર રાજ્યના ઘડતરમાં પ્રદાન. ડિસેમ્બર, 1980માં ગુજરાત યુનિ. દ્વારા સ્વીકૃત.

English:

1. Moniar Williams: Duff missionary lectures on Buddhism, 1st Jan, 1889.
2. Muller, F. M.: My Indian Friends, (A Prime Minister), Longman, Greens and Co., London and Bombay, Reprinted from the fortnightly review, London, 1899.



ડૉ. સ્વાતિ શાહ.

આસિસ્ટન્ટ પ્રોફેસર,

સંસ્કૃત વિભાગ,

ડો બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.